આંક–૧૭

## ભરૂચની મજુર અદાલત નં–ર ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ

**રેફરન્સ (એલ.સી.બી.) નં–૮૫/ર૦૧૫**

**પ્રથમ પક્ષકાર** : મેનેજરશ્રી/માલિકશ્રી,
રેમી મેટલ લી.,
મુ. પો. સેલોદ, તા. ઝઘડીયા, જી. ભરૂચ.

–:– **વિરૂધ્ધ** –:–

**બીજા પક્ષકાર**: મહેન્દ્રસિંહ ભીમસિંહ પરમાર
મુ. પો. સેલોદ, તા. ઝઘડીયા, જી. ભરૂચ.

**હાજર રહ્યા** : પ્રથમ પક્ષકાર તરફે વકીલશ્રી કે.આર.જોષી.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી આર.કે.કાઝી.

## –:– એવોર્ડ –:–

(૧) હાલનો રેફરન્સ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦(૧) અન્વયે મદદનીશ શ્રમ આયુક્તશ્રીના તા.૦૧/૦૯/ર૦૧૫ ના આંક–૧ ના હુકમથી નીચે જણાવેલ અનુસુચિ અનુસંધાને ન્યાય નિર્ણય કરવા માટે અત્રેની અદાલતને સુપરત કરવામાં આવેલ છે.

–:– **અનુસુચિ** –:–

શ્રી મહેન્દ્રસિંહ ભીમસિંહ પરમારને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

(ર) સદર કામે આજરોજ બંને પક્ષકારો તરફે હાજર રહી આંક–૧૬ થી સમાધાન રજુ કરેલ છે તથા તેની સાથે સમાધાન અન્વયેની રકમની ચુકવણી

કરવાની વિગત તથા તેઓને આપવામાં આવેલ ચેકની ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવેલ છે.

**(૩)** સદર કામે બીજા પક્ષકાર તથા તેમના પ્રતિનિધિશ્રી હાજર છે. પ્રથમ પક્ષકાર તરફેના વકીલશ્રી તથા શ્રીઓઝા હાજર છે. પક્ષકારો તરફે આંક–૧૬ થી સમાધાન રજુ કરવામાં આવેલ છે. બંન્ને પક્ષકારોને પુછતાં તેઓ વચ્ચે કોઈપણ જાતના દાબ–દબાણ વગર સમાધાન થયેલ હોઈ હાલના સમાધાનમાં જણાવેલ શરતો મુજબ સમાધાન થયેલાનું જણાવેલ છે. પક્ષકારો આંક–૧૬ ના સમાધાનની શરતો મુજબ કેસ ફેસલ કરવા માંગતા હોઈ પક્ષકારોના આંક–૧૬ ના સમાધાન અન્વયે નીચે મુજબનો એવોર્ડ પસાર કરવામાં આવે છે.

## –:– <u>એવોર્ડ</u> –:–

(૧) પક્ષકારોના આંક–૧૬ ના સમાધાન આધારે સદર રેફરન્સ (એલ.સી.બી.) નં–૮૫/૧૫ ફેસલ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખઃ ૧૦/૦૧/૨૦૧૯**
**સ્થળઃ ભરૂચ**

**(જીજ્ઞેશકુમાર ભીખાભાઈ પુરોહિત)**
**જીજે૦૧૧૮૫**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં–૨, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર